ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# આગામી વાયબ્રન્ટ સમિટને અનુલક્ષી હંગામી હેલીપેડ બનાવવા વિચારણા

## હંગામી ધોરણે હેલીપેડ બનાવવા ઉચ્ચકક્ષાએ પરામર્શ

## સિવિલ એવીએશનના અભિપ્રાય બાદ નિર્ણય લેવાશે

ગાંધીનગર, તા. ૧૩

આગામી વાયબ્રન્ટ સમિટને અનુલક્ષી હેલીપેડ ખાતે વિશાળ પ્રદર્શન યોજવાનું આયોજન વિચારણા હેઠળ છે. મેગા-પ્રદર્શનને ધ્યાને લઈ હંગામી ધોરણે અન્ય સ્થળે હેલીપેડ બનાવવા ઉચ્ચકક્ષાએ સક્રીય વિચારણા ચાલી રહી છે. જો કે આ મામલે ગુજરાત સિવિલ એવિએશન વિભાગનો અભિપ્રાય આખરી થયા બાદ આગળની ગતિવિધિઓ હાથ ધરવામાં આવશે.

વાયબ્રન્ટ સમિટને અનુલક્ષી અત્યારથી જ પૂર્વ આયોજનની ગતિવિધિઓ આરંભી દેવાઈ છે. વાયબ્રન્ટ સમિટના સંભવિત આયોજનને ધ્યાને લઈ વિભાગના ઉચ્ચ અધિકારીઓએ પણ જરૂરી બાબતો સંદર્ભે પરામર્શનો દૌર આરંભી દીધો છે. આગામી સમિટમાં સે. ૧૭ સ્થિત હેલીપેડ ખાતે વિશાળ પ્રદર્શન યોજવામાં આવનાર છે. વિવિધ પ્રદર્શન માટે હેલીપેડની વિશાળ જગ્યા પસંદ કરવામાં આવી હોવાનું પણ ધ્યાને આવ્યું છે. જ્યારે આ સ્થળે પ્રદર્શનના આયોજનને આખરી કરતા પૂર્વે તંત્રના ઉચ્ચ અધિકારીઓ દ્વારા હેલીપેડના હંગામી ધોરણે અન્યત્ર વ્યવસ્થા કરવા સઘન વિચારણા હાથ ધરી છે. સે. ૧૧ના રામકથા મેદાનમાં પણ હેલીપેડ બનાવવા માટે પ્રાથમિક તબક્કે વિચારણા કરાઈ રહી છે. પરંતુ શહેરમાં હંગામી હેલીપેડ બનાવવા માટે સ્થળ નિયત કરવા માટે જરૂરી ટેકનિકલ બાબતો ચકાસવી પણ અત્યંત અનિવાર્ય હોવાથી હજી આ મામલે કોઈ આખરી નિર્ણય લેવાયો નથી. માર્ગ-મકાન વિભાગના ઉચ્ચ અધિકારીઓની બેઠકમાં પણ આ અંગે પરામર્શ કરવામાં આવી હતી. હંગામી હેલીપેડના સ્થળ સંદર્ભે ગુજરાત સિવિલ એવિએશન વિભાગ દ્વારા પણ અભ્યાસ હાથ ધરાયો છે. સે. ૧૧માં પણ હાઈરાઈઝ બિલ્ડીંગોનું અસ્તિત્વ હોવાથી આ મામલે કોઈ આખરી નિર્ણય લેવાયો ન હોવાનું પણ અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.



ઈશ્વરની કૃપાની જેમ અનરાધાર વરસી પડતા વરસાદે વિરામ ભલે લીધો હોય પણ પોતાની હાજરીનું ભાન કરાવવાનું એ ભૂલતો નથી. ક્યારેક વરસી જતી એની ઝરમર અદા અને આકાશમાં ઘેરાયેલા રહેતાં વાદળો એ બાબતનો સતત અહેસાસ કરાવે છે કે ચોમાસું હજુ ગયું નથી. જોકે, સરવાળે આ વાતાવરણને કારણે ગાંધીનગરનો નઝારો સુંદર બની જાય છે. (તસવીર : દિપક જાની)


આ છે સત્ય

કેન્દ્રની યુપીએ સરકારનું

કેન્દ્ર સરકાર દ્વારા
મહારાષ્ટ્રને કોલસો સસ્તો અને નજીકથી મળે
જ્યારે ગુજરાતને કોલસો
મોંઘો, ઓછો અને દૂર દૂરની ખાણોમાંથી મળે

ગુજરાતને કોલસા કરતા તેને લાવવાનો ખર્ચ વધી જાય, ગુજરાતને ૧૦૦૦ કરોડનો વધારાનો બોજો પડે

ગુજરાતને અન્ય રાજ્યો કરતા કોલસો મોંઘો મળે,
એટલે વીજળી પણ મોંઘી

કેન્દ્ર સરકાર જો મહારાષ્ટ્રને જ્યાંથી કોલસો આપે છે ત્યાંથી ગુજરાતને આપે તો
યુનીટ દીઠ ૦.૫૦ પૈસાનો ઘટાડો કરી શકે અને
ગુજરાતની પ્રજાને રાહત મળે

ગુજરાત સરકાર


# પાટનગર યોજનાના પાર્કીંગ પ્લેસમાં નવો શેડ બનશે

## પાર્કીંગ વ્યવસ્થા પર્યાપ્ત ન હોવાથી શેડ બનાવવાનો નિર્ણય લેવાયો

ગાંધીનગર, તા.૧૩

પાટનગર યોજના ભવનના કર્મચારીઓ માટે વાહન પાર્કીંગનો નવો શેડ બનાવાશે. હાલ પાર્કીંગ વ્યવસ્થા પર્યાપ્ત ન હોવાથી પાર્કીંગ શેડ બનાવવાનું કામ ટૂંકમાં હાથ ધરાશે.

શહેરમાં વાહનોની સંખ્યા વધતા ટ્રાફિક સિનારીયો બદલાયો છે. જયારે જાહેર સ્થળોએ પાર્કીંગ સુવિધા અને સેન્સના અભાવે આડેધડ વાહનોનો ખડકલો થતો હોવાથી આમ નાગરિકો તોબા પોકારી ગયા છે. નગરના જાહેર સ્થળોએ પાર્કીંગ વ્યવસ્થા ગોઠવવા તંત્ર દ્વારા લાખોના ખર્ચે પાર્કીંગ પ્લેસ બનાવાયા છે. બીજી તરફ કર્મચારીઓ અને મુલાકાતીઓની અવર જવરથી ધમધમતી સરકારી કચેરીઓમાં પણ દિનપ્રતિદિન પાર્કીંગની સમસ્યા

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર મહાનગરના પરિવર્તન પાર્ટીના પ્રમુખપદે સુનિલ ત્રિવેદી

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાત પરિવર્તન પાર્ટીના સ્થાપક અધ્યક્ષ કેશુભાઈ પટેલે આજે ૧૭ જિલ્લાના પ્રમુખોની નિમણુંકની જાહેરાત કરી છે. જેમાં ગાંધીનગર મહાનગરના પ્રમુખ તરીકે સુનિલભાઈ ત્રિવેદીની નિમણુંક કરવામાં આવી છે.

ગુજરાત પરિવર્તન પાર્ટીએ રાજ્યના ૧૭ જિલ્લાઓના પ્રમુખોની આજે નિયુક્તિ કરી છે. પાર્ટીના અધ્યક્ષ કેશુભાઈ પટેલ દ્વારા હવે ટૂંક સમયમાં જિલ્લા અને તાલુકા સમિતિઓની પણ રચના કરવામાં આવશે.

ગુજરાત પરિવર્તન પાર્ટી દ્વારા ૧૭ જિલ્લા પ્રમુખોની નિયુક્તિ કરવામાં આવી છે. જેમાં નવસારી જિલ્લા માટે કાંતિભાઈ ખત્રી, તાપીમાં સુમનભાઈ વસાવા, સુરત ગ્રામ્યમાં હરીશભાઈ સુરતી, સુરત શહેર માટે લક્ષ્મણભાઈ ડોલરિયા, નર્મદા જિલ્લા માટે રમેશભાઈ વસાવા, વડોદરા જિલ્લામાં ઠાકોરભાઈ પટેલ, ભાવનગર ગ્રામ્યમાં રસિકભાઈ ભીંગરાડિયા, અમરેલી જિલ્લા માટે પ્રાગજીભાઈ હીરપરા, જામનગર જિલ્લા માટે દાદુભાઈ આહિર, જામનગર શહેર માટે પ્રાણજીવન કુંડારિયા, સુરેન્દ્રનગર માટે બળવંતભાઈ વૈષ્ણવ, કચ્છમાં અરૂણભાઈ વચ્છરાજાણી, મહેસાણામાં ડો. ટી. આઈ. પટેલ, પાટણમાં મેમાભાઈ ચૌધરી, બનાસકાંઠામાં રમેશ ઠક્કર, ગાંધીનગર શહેર માટે સુનીલ ત્રિવેદી અને પંચમહાલમાં પ્રબોધકાંત પંડ્યાનો સમાવેશ થાય છે.

# જલારામ મંદિર ખાતે આજથી રામાયણના સંગીતમય સમૂહ પાઠ

## તા. ૧૪-૧૫-૧૬ દરમિયાન યોજાનારા રામાયણ પાઠનો લાભ લેવા ધર્મ પ્રેમી નાગરિકોને જાહેર નિમંત્રણ

ગાંધીનગર, તા. ૧૩

શ્રી જલારામ અન્નક્ષેત્રના રજતજયંતિ વર્ષની ઉજવણીના ભાગરૂપે શ્રી જલિયાણ કૃપા પશુ ચિકિત્સા કેન્દ્ર (એનિમલ હેલ્પ લાઈન)ના લાભાર્થે શ્રી જલારામ સેવા સમાજ ગાંધીનગર દ્વારા આજથી ત્રણ દિવસ દરમિયાન શ્રી રામચરિત માનસના સંગીતમય સમૂહ પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રી જલારામ મંદિર, સેક્ટર-૨૯ ખાતે યોજાનાર આ આયોજનમાં સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ રામાયણ ગાયક શ્રી ભરતભાઈ સાધુ વિવિધ સુમધુર રાગોમાં-પોતાના કલાવૃંદ સહ વિવિધ વાજિંત્રો સાથે શ્રી રામચરિત માનસનો સંપૂર્ણ પાઠ કરાવશે. રામકથાકાર સંત પ.પૂ. શ્રી રમાબેન હરિયાણી આ પ્રસંગે ઉપસ્થિત રહેશે. મુખ્ય યજમાન તરીકે શ્રી સુરેશભાઈ ભટ્ટ પરિવાર સેવા આપશે.

તા. ૧૪-૧૫ અને ૧૬ દરમિયાન સવારના ૮.૦૦ થી બપોરે ૧.૦૦ સુધી અને બપોરે ૩.૦૦ થી ૭.૩૦ સુધી ચાલનાર શ્રી રામચરિત માનસના સંગીતમય સમૂહ પાઠના દરમ્યાન શ્રી રામ જન્મ, શ્રી સીતારામ વિવાહ, શ્રી રામ રાજ્યાભિષેક જેવા વિવિધ પ્રસંગો પણ ધામધૂમથી ઉજવવામાં આવનાર છે.


ભાડે આપવાની છે

સુંદર લોકશનવાળી જગ્યા
૨૩૩ ચો. ફુટ (કારપેટ)
ગ્રાઉન્ડ ફ્લોર

સુપરમોલ, એનેક્ષી-૧,
સબવેની પાસે,
ઈન્ફોસીટી, ગાંધીનગર

મો. ૯૮૨૪૨૩૭૦૦૮



ઈશ્વરકૃપા ટાયર સર્વિસ

BIRLA TYRES

CEAT



TMT BARS - ISI

BENELAVE

TATA
STEEL • PIPES • SHEETS

ashirvad
C. PVC, UPVC

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com